MALAYSIA XI-ગુજ

સમય: ૩ કલાક ગુણ : ૫૦

વિદ્યાર્થીઓ માટે સૂચના:

→ આકલનકૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.

→આકૃતિઓ પેનથી જ દોરવી,પેન્સિલથી નહિ.

→ જરૂરી જણાય ત્યાં ઉત્તરપૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંના નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ – ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ - ૧અ) નીચેનો ગદ્યાંશ વાંચીઆપેલી કૃતિ કરો. (૦૨)

અ -૧ નીચે આપેલા વાક્યોને ક્રમાનુસાર ગોઠવો

(૧) ને માટે પોતાના બળદગાડામાં ઈંટો તાણી લાવેલા

(૨) પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી

(૩) છેક મોભારા સુધી ગારનાં તગારાં મારી બાએ ઉપર ચઢાવેલાં

(૪) કહો કે ઘણોખરી મજૂરી ઘરનાં સૌએ જાતે કરીને બાંધેલું


પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી, રહીરહીને વ્યગ્ર કરતો વિચાર આવવા લાગ્યો કે શા માટે બાપદાદાનું ઘર કાઢી નાખવું. ત્રણચાર પેઢીથી ચાલ્યા આવતા માટીના ખોરડાને સ્થાને ત્યાં આ ઘર, ઈંટોનું પાકું ઘર મારા બાપાએ બંધાવેલું; કહો કે ઘણીખરી મજૂરી ઘરનાં સૌએ જાતે કરીને બાંધેલું. તે માટે પોતાના બળદગાડામાં ઈંટો તાણી લાવેલા. ચણતર માટે ગાર કરવા ગામના આંબાતળાવની ચીકણી માટી જાતે ગોડી લાવેલા. લાકડા માટે આમારા ખેતરના જુના લીમડા પાડેલા. છેક મોભારા સુધી ગારનાં તગારાં મારી બાએ ઉપર ચઢાવેલાં, પછી શહેરમાં અમે છોકરાઓએ જયારે નવાં ઘર બંધાવવા માંડ્યાં ત્યારે પોતાના દીકરાઓનાં એ મકાનો નોકરિયાત સુપરવાઇઝરોની દેખરેખ નીચે મજૂરો દ્વારા બંધાતાં જોઈ, મનમાં થોડું રાજી થતાં બા-બાપા ઘણીવાર ગામડાગામનું અસલવારીનું એ ઘર કેવું નવેસરથી જાતમહેનતથી પોતે બાંધેલું તેની ભાવુકતાથી વાત કરતાં.

એ ઘરમાં જ અમ સૌ ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો એટલું જ નહિ, એ જ ઓરડામાં અમારા દામ્પત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારાં સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા, આ ઘર તેનું સાક્ષી.


AIZKAJAM

ઘરના આંગણામાં કેટલું રમેલા ! એક દિવસ એ આંગણું વટાવી પાટી થેલી ભરાવી ગામની નિશાળે ભણવા બેઠેલા. એક દિવસ એ જ આંગણું વટાવી દૂર પરગામ સુધી ભણવા ગયા . એક દિવસ એ જ આંગણું વટાવી શહેરમાં જઈ વસ્યા. એ ઘરના આંગણામાં અમારી બહેનોના અને અમ ભાઈઓના લગ્નમંડપો બંધાયેલા. ત્યાં જ્ઞાતિજનો સાથે ઝઘડાઓ અને સ્નેહમિલનો થયેલાં. ત્યાં પડોશીઓ સાથે ઊંચા આવજે બોલાચાલી અને શિયાળામાં તાપણાની આસપાસ મધુ વિશ્રંભકથાઓ થયેલી. એ જ આંગણામાં અમારા પરિવારના અબોલ સભ્યો બંધાતાં - ભેંસ, પાડરાં, બળદ, રેલ્લાં.

અ -૨ આકૃતિ પૂર્ણ કરો. (૦૨)




અ -૨ આકૃતિ પૂર્ણ કરો. (૦૨)



અ - ૪ (અ) ગામડામાં આવેલાં તમારા બાપ-દાદાના ઘર વિશે તમારા વિચારો રજૂ કરો. (૦૨)

ગમે તે એકનો જવાબ લખો.

(બ) (૧) સિંહ દંપત્તિ લોહી લક્ષણ કેવી રીતે થયું

(૨) 'અશ્વમેઘ'ના આધારે નાયિકાને જોવા માટે જતી વેળાના નાયકના પોશાકનું વર્ણન કરો.

(બ) નીચેનો ગદ્યાંશ વાંચીઆપેલી કૃતિ કરો.

ઈચ્છાશંકરે ઘણી લીલીસૂકી જોઈ હતી. આફ્રિકા ગયો ત્યારે માત્ર એક લોટો ને શેઠની રસોઈ કરતાં બદલાવ માટે અબોટિયું જ પાસે હતું. પરંતુ લક્ષ્મી રીઝે છે ત્યારે વાત વાતમાં વારી જાય છે. ઈચ્છાશંકરે નોકરી છોડીને નાનીશી દુકાન માંડી....ને અત્યારે તો એની પેઢીઓ નાગરવેલની જેમ આખાય આફ્રિકામાં પથરાઈ રહી છે. અહીં વતનમાં પણ જમીન, મકાનો તથા શેર વગેરેમાં ઘણું રોકાણ છે. પરંતુ નવાઈની વાત તો એ છે કે 'ઈચ્છાશંકરનો મોહ જેમ જેમ મિલકત વધતી જાય છે તેમ તેમ એ તરફ વધવાને બદલે ઉતરતો જાય છે... માટે જ એણે અત્યાર સુધી મોટાભાઈને પણ બધી જ મિલ્કતમાં ભાગીદાર ગણ્યા હતા ને રાખ્યા હતા. એ સારી પેઠે જાણતો હતો કે માણસનો જીવ લાલચુ, લીભી ને સ્વાર્થી હોય છે, પરંતુ મોટાભાઈને શાની કમી છે કે મારાથી બાદલું રાખે. બહુ બહુ તો લોકો કે' છે એમ એમના સાસરી પક્ષને પાંચસો હજારની મદદ કાંટા હશે એ જ ને ? .... અથવા તો એમની છોકરીઓ માટે થોડાક દાગીના ઘડાવ્યા હશે કે ......'

અને એ પોતે જ આવી ઝીણી બાબત ઉપર હસી રહેતો છેલ્લે ઉમેરતો; 'પણ લોકોની શી ખબર કે ભાઈના છોકરાં એ મારાં જ ભત્રીજાં છે ને ભાઈનાં સંબંધી એ મારાં પણ સંબંધી છે .... આપણી કમાણીથી કોઈનું દુઃખ હળવું થતું હોય તો એટલું વળી કમાયું લેખે લાગ્યું ....ત્યાં તો ઘડીબ દેતાકને એક સવારે બૉમ્બ ફૂટ્યો : ઈચ્છાશંકર ને મુલશ્કર આજે ભાગ વહેંચે છે !'

બ) (૧) યોગ્ય શબ્દ મોકી ખાલી જગ્યા પૂરો.

(૧) એની પેઢીઓ .......ની જેમ આફ્રિકામાં ફેલાઈ છે.

(૨) શેઠની રસોઈ કરતાં બદલવા માટે ............... જ પાસે હતું.

(૩) ભાઈનાં છોકરાં એ મારાં જ .............. છે.

(૪) આપણી કમાણીથી કોઈનું ............ હળવું થતું હોય તો એટલું વળી .......... લેખે લાગ્યું.

યોગ્ય શબ્દ મૂકો

(૦૧)

(૧) [ ] — માણસનો જીવ — [ ]

(૦૧)

(૨) [ ] — વતનમાં ઈચ્છાશંકરનં રોકાણ — [ ]

બ -૨ શબ્દ સમૂહ માટે એક શબ્દ લખો (૦૨)

(૧) રસોઈ બનાવતી વખતે પહેરાતું વસ્ત્ર .............

(૨) સંપત્તિ/ધંધામાં સમાન હિસ્સેદાર...........

(૩) ભાઈના છોકરાં ............

(૪) જમ્યા પછી ખવાતું પાન ................

બ -3 સંયુક્ત પરિવાર વિશે તમારા વિચારો જણાવો (૦૨)

બ -૪ ૧૦૦ થી ૧૨૦ શબ્દોમાં જવાબ લખો. (ગમે તે એક) (૦૨)

(૧) વિદ્યાર્થી હિલેલના જીવનની ઘટનાનું આલેખન કરો.

(૨) વાકબાયાશીની સિતાર પ્રીતિ વર્ણવો.

વિભાગ – ૨ પદ્યાંશ (ગુણ) (૧૬ ગુણ)

કૃતિ - ૨ (આ) નીચેનો પ વીચી આપેલી કૃતિ કરો .

અ - ૧ યોગ્ય વિકલ્પ શોધી પંક્તિ પૂર્ણ કરો. (૨)

(૧) પ્રગટ પાવક વિના........

(૨) સુરભી પેટમાં પય, .......

(૩) શ્રી ગિરિધર ..............

(૪) તેલ વિના સ્ફૂટ ...........

પ્રગટ મળ્યે સુખ થાય, શ્રી ગિરિધર પ્રગટ મળ્યે સુખ થાય !

અંતર્યામી અખિલમાં છે તેથી કહો , કોનું દુઃખ જાય ? શ્રીગિરિધર.

તેલ વિના સ્ફૂટ તિલ પૂર્યેથી દીપક કેમ પ્રગટ્યા ?

પ્રગટ પાવક વિના કાષ્ઠને ભેટયે શી પેરે શીત શમાય? શ્રીગિરિધર.

પૃથ્વી ચાટ્યે તૃષા ટળે નહીં, અંતરજળશ્રુતિ ગાય,

દીવાસળી પાષણસ્પર્શથી કો કહે જ્વાળા જણાય ? શ્રીગિરિધર.

સુરભિપેટમાં પય, તેમાં ઘૃત, તેથી પુષ્ટિ ન પામે ગાય,


દોહી મથી માખણ તાવ્યે સર્પિભક્ષણ સુખદાય. શ્રીગિરિધર.

વ્યાપકથી વાતો નવ થાયે, તે વિના જીવ અકળાય,

રસિયાજનમનરંજન નટવર ! દયાપ્રીતમ વ્રજરાય! શ્રીગિરિધર.

અ -૨ આકૃતિ પૂર્ણ કરો . (૦૨)

(૦૨)




સુરભિ પેટમાંથી પ્રાપ્ત થતી પયમાંથી બનતી વસ્તુઓ (૦૧)

.......................................... , ..................................

(૨) શબ્દના અર્થ લખો. (૦૧)


પાષણ ____

માખણ ____

અ -૪ શ્રધ્ધા વિશે તમારા વિચારો જણાવો (૦૨)

અંકુરિત થતા બીજનું સ્વાગત કરો.
કારણ કે એમાંથી જ પ્રગટ થશે
એ મૃદુ, લાવણ્યમયી પોયણી કોમળ ખરી,
તો યે શક્તિનો અવતાર અને તેજનો અંબાર.
એને આદરથી આવકારો, સ્નેહથી સત્કારો,
એને ભૂલથીયે દેશો નહિ જાકારો.
એ જો જતી રહેશે તો તમારી પાસે કશું નહિ રહે.
તમે જાણો છો ખરા કે તમને
આધાર આપતી ભોંય એ જ છે ?
અને એ જ છે.
તમારા ઘરને પ્રકાશથી છલકાવી દેતી બારી ?
તમારે આંગણે ફૂલ ભરેલી ઝૂલતી વેલ છે એ,
અને એ જ છે
તમે રોપેલાં વૃક્ષો પર વરસતી વાદળી,
એ છે તો પૃથ્વી છે હરીભરીને જીવવા જેવી.
એ નહિ હોય તો તમને
માં નહિ મળે, બહેન નહિ મળે,
સખી સહિયારી નહિ મળે, એ તો ઠીક
તમને નિ:સ્વાર્થ સ્નેહ, કરુણા અને કાળજી પાન નહી મળે.
ભૂલી જવાશે આ બધાય શબ્દો.

(બ) ૧ પદ્યાંશને આધારે જવાબ લખો (૦૨)



બ૨ પદ્યાંશમાં આવેલા માનવીય સંબધોના નામ (૦૧)

(૧)

(૨) પદ્યાંશમાં નિરૂપિત થયેલાં માનવીય ગુણો (૦૧)

બ - ૩ યોગ્ય વિકલ્પ શોધી પંક્તિ પૂર્ણ કરો. (૦૨)

(૧) તમારા ઘરને પ્રકાશથી ......

(૨) તમારે આંગણે ફૂલથી ભરેલી .........

(૩) એને આદરથી આવકારો ......

(૪) એ છે તો પૃથ્વી છે ..........

બ -૪ 'દીકરી વ્હાલનો દરિયો' વિશે તમારા વિચારો જણાવો (૦૨)

## વિભાગ - ૩ વિશેષ વાચન (૦૬ ગુણ)

કૃતિ - ૩ નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

ભાગવંતી કમનસીબ વિધવા તરીકે રહેવા માગતી નહોતી. એણે આપસૂઝથી એના પિતાનો ધંધો અને નાના ભાઈઓનાં ઘર ચલાવવા માંડ્યા. જાણે ડોમેસ્ટિક સેવન સ્ટાર હોટેલની એ સંચાલિકા હોય ! ગરબારાસિંહથી કામ થતું નહોતું. ત્યારે ભાગવંતીએ ધંધો સંભાળી લીધો. મોહન એનો એકનો એક પુત્ર હતો. પુત્ર ધાવણ ધાવીને બીમાર ન પડે એટલે ચોખ્ખું ધાવણ લાવવા ભાગવંતી માત્ર દાળ અને રોટી ખાતી. દાળમાં પણ બહુ મસાલા નહીં. છ વર્ષના થયા ત્યારે ઑબેરાયને એમની માતા રોજ સ્કૂલે મૂકવા-લેવા જતી. આજની પેઢીનાં બાળકોની માતા મોટર કે બસમાં બાળકોને મૂકવા જાય છે. ભાગવંતી ત્રણ કિલોમીટર દૂરની પંજાબી શાળામાં રોજ પગે ચાલીને બેટાને મૂકવા જતી.

ઘડીક માતાની કેડમાં તો ઘડીક પગે ચાલનારા છ વર્ષના ઑબેરાયને કલ્પના નહોતી કે ૩૬ વર્ષ પછી એ હોટેલનો માલિક થશે કે એ પછીનાં વર્ષોમાં ૧૯૮૦ના દાયકામાં એ મુંબઈના દરિયાકાંઠે સત્યાસાઈબાબાને ઉતારે તેવી ફાઈવ સ્ટાર ઑબેરોય હોટેલનો માલિક થશે. આ પા પા પગલી મંદીને માતાની આંગળીએ ભણેલા ઑબેરાયે કદી જ આનાથપણું અનુભવ્યું નહોતું અને ત્રીજી મે, ૨૦૦૨નાં રોજ ૧૦૩ વર્ષની વયે મરણ પામ્યા ત્યારે ઑબેરાય જૂથની હોટેલો અને ઉદ્યોગો રૂપિયા ૮,૦૦૦ કરોડની સંપત્તિવાળા થયા. ૩૭ જેટલી લકઝરી અને ફસ્ટ ક્લાસ ઇન્ટરનેશનલ હોટલોના માલિક થઈને આજે ૧૨,૦૦૦ લોકોને રોજગારી આપે છે. વિધવા માતા આ બાળકને વહાલ કરવા બુંદીના લાડુ કે સૂજીનો હલવો બનાવે કે મઠ્ઠી બનાવે તેની વાનગી તૈયાર કરવામાં મોહન મદદ કરતો. રસોડાની એ તાલીમનો ઉપયોગ મોહનસિંહ ઑબેરાયે ઘણી વખત પોતાની હોટેલના રસોડામાં જઈને કર્યા છે.

(૧) ગદ્યાંશમાં આવેલ પાત્રનાં નામ (૦૧)

(૨) બાળક ઑબેરાય માટે માટે બનાવેલી મિઠાઈ (૦૧)

(૨)

(૧) ઑબેરાયનું મૃત્યુ (તારીખ અને સાલ ) (૦૧)

(૨) ઑબેરાય હોટેલમાં કામ કરતાં લોકોની સંખ્યા, હોટેલની સંખ્યા (૦૧)

(૩) શૉ નાં નાટકમાં સૈનિક કયું સતકર્મ કરે છે ? (૦૨)

<u>વિભાગ૪ વ્યાકરણ (૧૦ગુણ)</u>

કૃતિ- ૪ સૂચના પ્રમાણે કરો.

(અ) કાળ પરિવર્તન કરો (03)

(૧) પ્રદર્શન તો સરસ હતું. (ભવિષ્યકાળ)

(૨) મને આનંદ થાય છે. (ભૂતકાળ)

(૩) બાંધણીનો રંગ ઊતરી ગયો હતો. (વર્તમાનકાળ)

(બ) યોગ્યરીતેજોડો. (03)

| (અ) રૂઢિપ્રયોગ | (બ) અર્થ |
|---|---|
| (૧) લીલી સૂકી જોવી | (૧) સાદ પાડવો |
| (૨) વારી જવું | (૨) સુખ-દુઃખ જોવો |
| (૩) દગો દેવો | (૩) મોહી જવું |
| | (૪) વિશ્વાસઘાત કરવો |

(ક) વિશેષણ બનાવો. (૦૨)

(૧) વિરોધ

(૨) સરકાર

(૩) પ્રસંગ

(૪) વિચાર

(૫) યોગ્ય સંધિ વિગ્રહ શોધીને લખો. (૦૨)

(૧) દેશાભિમાન

(અ) દેશ + (બ) દેશ + આભિમાન (ક) દેશ + અભિમન

(૨) મહેશ

(અ) મહા+ ઈશ (બ) મહ + ઈશા (ક) માહ + ઈશ

(૩) પ્રત્યેક

(અ) પ્રતિ + એક (બ) પ્રત+ એક (ક) પ્રિત + એક

(૪) મહર્ષિ

(અ) મહા + ઋષિ (બ) મહ + ઋષિ (ક) મહત્ર + ષિ

## વિભાગ – ૫ લેખન કૌશલ્ય (૨૮ગુણ)

કૃતિ - ૫ (અ) કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (૦૮)

(૧) નવરાત્રી

(૨) સાહિત્ય અને જીવન

(૩) વૃક્ષ, તારા ગુણ અપાર


(બ) મિત્રને રક્તદાનનું મહત્વ સમજાવતો પત્ર લખો (૦૫)

કૃતિ - ૬ (અ) નીચેનો ગદ્યાંશ વાંચીને પાંચ પ્રશ્નો તૈયાર કરો. (૦૫)

મન અને વાણીની વચ્ચે સીધો સંબંધ છે.જેવી વાણી તેવું મન; જેવું મન તેવી વાણી. કોઈ વ્યક્તિ અસંબદ્ધ બોલે જાય, પ્રલાપ કરે તો આપણે કહીએ છીએ કે એના મનમાં, કંઈક વાંધો છે. વાણી મનનું પ્રતિબિંબ છે. વ્યક્તિ એકાદ-બે વાક્યો બોલે એટલામાં આપણે એને ઓળખી કાઢીએ છીએ. એટલે જ એક જ એક સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે, પુરુષના અલંકાર તે એણે પહેરેલા ઘરેણાં નહિ, પણ એની સંસ્કૃત વાણી. ઠરેલી વાણી ઠરેલા મનની પરિચાયક છે. પણ મન ઠરે શી રીતે ? ચાંચલ્ય મનનો સ્વભાવ છે. પાણી અને મન બંને એક બાબતમાં સરખાં. ઢાળ જુએ એટલે દડી પડે, નીચે ને નીચે ઉતરે અને આખરે અધોગતિને પામે. પણ જેને મન ઉપર બુદ્ધિનો કાબૂ છે તેનું મન નીચે ગતિ કરતું નથી.

JUNIOR COLLEGE OF COMMERCE

(બ) આપેલી માહિતીને આધારે જાહેર તૈયાર કરો. (૦૫)




(ક) નીચેના અંગ્રેજી વાક્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરો. (૦૫)

(૧) Development of a personality is in complete without games.

(૨) I can do it.

(3) Sports make one healthy, humble & large hearted.

(૪) There are so many examples of great persons.

(૫) We must face difficulties and overcome them.